CITY PULSE

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૯ જૂન, ૨૦૨૬ ૭

સંબંધો માત્ર પરંપરાગત માપદંડો સુધી મર્યાદિત નથી

જ્યારે એલ્ગોરિધમ્સ મેળવે દિલોને

વડોદરાના યુવાનોમાં ડેટિંગ અને મેટ્રિમોની પ્લેટફોર્મ્સનો વધતો ટ્રેન્ડ

સંસ્કારી નગરી તરીકે ઓળખાતું વડોદરા હંમેશા શિક્ષણ, સંસ્કૃતિ અને આધુનિકતાનું અનોખું સંમિશ્રણ રહ્યું છે. આજે શહેરના યુવાનોની જીવનશૈલીમાં પણ ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. એક સમય હતો જ્યારે જીવનસાથીની શોધ પરિવારજનો, સગાસંબંધીઓ અથવા સામાજિક ઓળખાણોના માધ્યમથી થતી હતી. ત્યારબાદ મેટ્રિમોની વેબસાઇટ્સ અને ડેટિંગ એપ્સનો યુગ આવ્યો. હવે આ પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટી, અનેક ખાનગી યુનિવર્સિટી અને શહેરની અનેક કોર્પોરેટ કંપનીઓમાં અભ્યાસ અને નોકરી કરતા યુવાનો હવે જીવનસાથીની પસંદગી માટે ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. AI આધારિત પ્લેટફોર્મ્સ વ્યક્તિની પસંદગી, રસ, જીવનશૈલી અને વાતચીતની પદ્ધતિનું વિશ્લેષણ કરીને વધુ સુસંગત મેળાપ સૂચવે છે.

અર્થપૂર્ણ સંપર્ક સ્થાપિત કરવા AI આધારિત પ્લેટફોર્મ્સ મદદરૂપ બની રહ્યાં છે

આજના યુવાનો માટે સંબંધો માત્ર પરંપરાગત માપદંડો સુધી મર્યાદિત નથી. વડોદરાના અનેક યુવા પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ માને છે કે વ્યસ્ત જીવનશૈલી વચ્ચે નવા લોકો સાથે અર્થપૂર્ણ સંપર્ક સ્થાપિત કરવા AI આધારિત પ્લેટફોર્મ્સ મદદરૂપ બની રહ્યા છે. શહેરના કેફે કલ્ચર, કો-વર્કિંગ સ્પેસ અને યુવા કેન્દ્રિત ઇવેન્ટ્સ સાથે હવે ડિજિટલ પ્લેટફોર્મ્સ પણ સંબંધો બનાવવા માટે મહત્વનું માધ્યમ બની ગયા છે. AI વપરાશકર્તાની પસંદગીઓ અને વર્તનના આધારે એવા લોકો સાથે જોડાણ કરાવે છે જેમની જીવનશૈલી અને વિચારો વધુ સુસંગત હોય. તેમ છતાં, વડોદરાના ઘણા યુવાનો માને છે કે ટેક્નોલોજી માત્ર એક માધ્યમ છે. અંતે સંબંધોની સફળતા વિશ્વાસ, સમજણ અને વ્યક્તિગત મુલાકાતો પર જ આધારિત રહે છે. સમાન વિચારો ધરાવતો જીવનસાથી શોધવાનું મહત્વ વધી રહ્યું છે.

સુરક્ષા-વિશ્વાસ

ઓનલાઇન ડેટિંગ અને મેટ્રિમોની પ્લેટફોર્મ્સના વધતા ઉપયોગ સાથે સુરક્ષા પણ મહત્વનો મુદ્દો બની રહ્યો છે. નકલી પ્રોફાઇલ્સ, ખોટી માહિતી અને ઓનલાઇન છેતરપિંડી જેવી સમસ્યાઓને કારણે લોકો વધુ સાવચેત બન્યા છે.આ પડકારોનો સામનો કરવા માટે AI આધારિત વેરિફિકેશન સિસ્ટમ્સ, ફેક પ્રોફાઇલ ડિટેક્શન અને શંકાસ્પદ પ્રવૃત્તિઓની ઓળખ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. ઘણા પ્લેટફોર્મ્સ હવે AI સાથે માનવીય દેખરેખનો પણ ઉપયોગ કરી રહ્યા છે જેથી વપરાશકર્તાઓને વધુ સુરક્ષિત અનુભવ મળી શકે.વડોદરા જેવા ઝડપથી વિકસતા શહેરમાં ટેક્નોલોજી અને પરંપરાગત મૂલ્યો વચ્ચેનું સંતુલન જાળવવું મહત્વપૂર્ણ બની રહ્યું છે.

નવી જરૂરિયાત

વડોદરામાં સંબંધોની દુનિયા પણ હવે ડિજિટલ પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. AI યોગ્ય વ્યક્તિ સુધી પહોંચવાનો માર્ગ સરળ બનાવી શકે છે, પરંતુ પ્રેમ, વિશ્વાસ અને લાગણીઓની સાચી કસોટી હજુ પણ માનવીય સંબંધોમાં જ રહેલી છે. એલ્ગોરિધમ્સ ભલે મેળાપ શોધી આપે, પરંતુ દિલોને જોડવાનું કામ આજે પણ માણસો જ કરે છે. પરિવારો હજુ પણ સંબંધોમાં પરિવારના મત અને સામાજિક મૂલ્યોને મહત્વ આપે છે, જ્યારે નવી પેઢી ટેક્નોલોજીને સહાયક સાધન તરીકે સ્વીકારી રહી છે. નિષ્ણાતોના મત મુજબ, AI આધારિત ડેટિંગ અને મેટ્રિમોની પ્લેટફોર્મ્સ ભવિષ્યમાં વધુ સ્માર્ટ અને વ્યક્તિગત બનશે. તેમ છતાં, સફળ સંબંધ માટે પરસ્પર સમજણ, વિશ્વાસ, સન્માન અને લાગણીસભર જોડાણ અનિવાર્ય રહેશે.

આંખે પાટા, મનમાં વિશ્વાસ

વડોદરાના રોનીત જોશીનો 10મો વિશ્વ વિક્રમ

બે કિલોમીટર સુધી આંખે પાટા બાંધી યુનિસાયકલ ચલાવી રચ્યો નવો ઇતિહાસ

વડોદરાના હરણી રોડ સ્થિત નાથીબા નગર સોસાયટી વિભાગ-2ના યુવા પ્રતિભાશાળી રોનીત રાજેશ જોશીએ ફરી એકવાર શહેર અને ગુજરાતનું નામ વિશ્વપટલ પર ગૌરવભેર ઝળહળતું બનાવ્યું છે. તા. 14 જૂન, 2026ના રોજ જયપુર સ્થિત રિજનલ સાયન્સ સેન્ટર ખાતે Influencer Book of World Record દ્વારા રોનીતને આંખે પાટા બાંધીને બે કિલોમીટર સુધી એક પૈડાની સાયકલ (યુનિસાયકલ) ચલાવવાના અદભુત અને દુર્લભ કારનામા બદલ વિશ્વ રેકોર્ડનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો.આ પ્રસંગે તેમને મેડલ, ટ્રોફી અને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા. માત્ર 23 વર્ષની વયે રોનીતે પોતાના દસમા વિશ્વ રેકોર્ડની સિદ્ધિ હાંસલ કરીને યુવાનો માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે.



રેકોર્ડોની સફરથી પ્રેરણાની ઊંચાઈ સુધી

રોનીત જોશી માટે આ સિદ્ધિ માત્ર એક વધુ રેકોર્ડ નથી, પરંતુ સતત મહેનત, આત્મવિશ્વાસ અને અસાધારણ સમર્પણનું પરિણામ છે. આ પહેલાં પણ તેઓ વિવિધ ક્ષેત્રોમાં નવ વિશ્વ રેકોર્ડ પોતાના નામે નોંધાવી ચૂક્યા છે. તાજેતરમાં સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગરમાંથી એમ.એ. (સાયકોલોજી) પૂર્ણ કરનાર રોનીત શૈક્ષણિક ક્ષેત્રમાં પણ ઉત્કૃષ્ટતા દર્શાવી રહ્યા છે. રમતગમત, સાહસ અને શિક્ષણ - ત્રણેય ક્ષેત્રોમાં સંતુલન જાળવીને તેઓ સાબિત કરી રહ્યા છે કે મક્કમ મનોબળ અને સતત પ્રયત્નોથી કોઈપણ લક્ષ્ય અશક્ય નથી. વડોદરાના આ યુવાનની સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ સમગ્ર શહેર અને રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે. રોનીત જોશીની આ યાત્રા અનેક યુવાનોને પોતાના સપનાઓને સાકાર કરવા માટે પ્રેરણા આપતી રહેશે.

પ્રયત્નોથી કોઈપણ લક્ષ્ય અશક્ય નથી

વ્યવસાયે ડૉક્ટર, સ્વભાવે સેવક

ડૉ. અમીષા ચૌહાણ અને તેમની ટીમની અનોખી માનવતાની મહેક

ખાનગી ક્લિનિક ચલાવવાની વ્યસ્તતા વચ્ચે પણ 'સેવા પરમો ધર્મ'ના મંત્રને સાર્થક કરતી વડોદરાની એક અનોખી ટીમ, જે જરૂરિયાતમંદોના ચહેરા પર સ્મિત લાવવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. કહેવાય છે ને કે, "માનવ સેવા એ જ પ્રભુ સેવા." આજના આધુનિક અને દોડધામ ભરેલા યુગમાં જ્યાં લોકો પાસે પોતાના પરિવાર માટે પણ સમય કાઢવો મુશ્કેલ બને છે, ત્યારે વડોદરામાં એક એવું ઉદાહરણ જોવા મળ્યું છે જે સમાજ માટે પ્રેરણારૂપ બન્યું છે. વ્યવસાયે ડૉક્ટર એવા ડૉ. અમીષા ચૌહાણ પોતાના પ્રોફેશનલ લાઈફની સાથે-સાથે સમાજના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગ માટે આશાનું કિરણ બન્યા છે. પોતાના ખાનગી ક્લિનિકની જવાબદારીઓ સંભાળવાની સાથે તેઓ એક અદભુત સેવાકીય યજ્ઞ ચલાવી રહ્યા છે. ડૉ. અમીષા ચૌહાણનું માનવું છે કે વ્યવસાયિક રીતે તો આપણે સૌ કોઈ પોતાના આજીવિકા માટે કાર્ય કરતા જ હોઈએ છીએ, પરંતુ એક નાગરિક તરીકે આપણી સમાજ પ્રત્યે પણ કંઈક જવાબદારી બને છે. આ ઉમદા સેવાકીય કાર્યો કરવાની પ્રેરણા તેમને ક્યાંથી મળી ? તેના જવાબમાં તેઓ ગર્વ સાથે જણાવે છે કે, "મને આ સેવાકાર્ય કરવાની પ્રેરણા મારા વડીલો પાસેથી વારસામાં મળી છે. તેમના સતત સહકાર, યોગ્ય માર્ગદર્શન અને આશીર્વાદના કારણે જ હું આજે આ પથ પર આગળ વધી શકી છું. વડીલોએ આપેલા સંસ્કારો જ મને સમાજ માટે કંઈક કરી છૂટવાની શક્તિ આપે છે." કોઈપણ મોટો સંકલ્પ એકલા હાથે પૂરો કરવો અઘરો હોય છે, પરંતુ જ્યારે ઉદ્દેશ્ય પવિત્ર હોય ત્યારે કુદરત પણ મદદગારો મોકલી આપે છે.

અને અમિષાબેનના આંખમા ચમક આવી ગઇ....

"આ સેવાકીય કાર્યો કર્યા પછી જે આત્મસંતોષ અને પરમ આનંદની અનુભૂતિ થાય છે, તે દુનિયાના કોઈ પણ વૈભવ કરતાં મોટી છે. એ જ અમારું સૌથી મોટું પ્રોત્સાહન છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ જ છે કે સમાજના વંચિત લોકોના જીવનમાં અમારું નાનું પણ એક સકારાત્મક પરિવર્તન આવી શકે." ડો. અમીષા ચૌહાણ, અનિરુદ્ધસિંહ, પ્રશાંત અને વંશની આ ટીમ આજના સમાજ માટે એક દિવાદાંડી સમાન છે. તેઓ સાબિત કરે છે કે જો મનમાં કશુંક કરવાની તમન્ના હોય, તો સમય અને સંસાધનો ક્યારેય આડા આવતા નથી. વડોદરાની આ યુવા અને ઉત્સાહી ટીમને તેમના આ ભગીરથ કાર્ય માટે કોટી કોટી વંદન.

મૃતપ્રાય વારસાને મળ્યો નવો શ્વાસ

હિંગ્લોટ વાવ | યુવાનો-ગ્રામજનોએ આપી નવી ઓળખ

આજે સફાઈ સામૂહિક જાગૃતિ અને સંકલ્પનું પ્રતીક બની છે



વડોદરા શહેરથી આશરે 12 થી 15 કિલોમીટર દૂર આવેલું હિંગ્લોટ ગામ તેની શાંતિપૂર્ણ ગ્રામ્ય સુંદરતા અને ઐતિહાસિક વારસાના કારણે ઓળખાય છે. અહીં આવેલી (સ્ટેપવેલ) વર્ષો જૂની જળ સંરક્ષણ વ્યવસ્થાનું જીવંત પ્રતિક છે. જોકે સમય જતાં અવગણનાના કારણે આ ઐતિહાસિક વાવ માટી, પ્લાસ્ટિકની થેલીઓ, પાણીની બોટલો અને અન્ય કચરાથી ભરાઈ ગઈ હતી. એક સમયે જીવનદાયી જળસ્રોત રહેલી આ વાવ મૃતપ્રાય અવસ્થામાં દેખાવા લાગી હતી. પરંતુ જ્યારે પર્યાવરણપ્રેમી શક્તિ પવારની નજર આ વાવ પર પડી, ત્યારે તેમણે માત્ર ચિંતા વ્યક્ત કરીને અટકી જવાની જગ્યાએ તેને પુનર્જીવિત કરવાનો સંકલ્પ કર્યો. તેમણે ગામના યુવાનો અને સ્થાનિક લોકોને વાવની સફાઈ માટે પ્રેરિત કર્યા. પરિણામે મોટી સંખ્યામાં ગામના ઉત્સાહી યુવાનો એકત્રિત થયા અને ઐતિહાસિક વાવને કચરામુક્ત બનાવવાના અભિયાનમાં જોડાયા.

વારસાની જાળવણી માટે ગામનો સામૂહિક સંકલ્પ

સફાઈ અભિયાન દરમિયાન ગ્રામજનોએ પણ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો. યુવાનોના ઉત્સાહ અને ગામલોકોની ભાગીદારીના કારણે વર્ષોથી જમા થયેલો કચરો દૂર કરવામાં આવ્યો અને વાવનું મૂળ સ્વરૂપ ફરીથી દેખાવા લાગ્યું."આ કાર્ય કોઈ એક વ્યક્તિનું નહોતું. ગામના ઉત્સાહી છોકરાઓ અને સ્થાનિક લોકોના સહકાર વગર આ શક્ય બન્યું ન હોત. સૌએ મળીને આપણા વારસાને બચાવવાનો પ્રયાસ કર્યો છે."આ પહેલ માત્ર સફાઈ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે વારસાની જાળવણી અને પર્યાવરણ પ્રત્યેની સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ બની છે. હિંગ્લોટ વાવ હવે ફરીથી લોકોનું ધ્યાન ખેંચી રહી છે અને ગામ માટે ગૌરવનું કેન્દ્ર બની રહી છે. - શક્તિ પવાર, પ્રકૃતિપ્રેમી

સફાઈ પહેલા



સફાઈ પછી

સાયકલિસ્ટો-વારસાપ્રેમીઓ માટે આકર્ષણ

હિંગ્લોટ વાવ લાંબા સમયથી વડોદરાના સાયકલિંગ ગ્રુપો અને વારસાપ્રેમી સંશોધકો માટે આકર્ષણનું સ્થળ રહી છે. ખાસ કરીને વડોદરા સાયકલિંગ ક્લબ જેવા જૂથો અંપાડ ગામના માર્ગે અહીં સુધી સવારની સવારીનું આયોજન કરે છે. આસપાસના હરિયાળા અને શાંતિપૂર્ણ ગ્રામ્ય માર્ગો પ્રકૃતિપ્રેમીઓ અને ફોટોગ્રાફરોને વિશેષ આકર્ષે છે.પરંપરાગત ગુજરાતી વાવોની જેમ હિંગ્લોટ વાવમાં પણ પાણીના સ્તર સુધી પહોંચવા માટે સુંદર પથ્થરકામવાળા પગથિયાં બનાવવામાં આવ્યા છે. આ રચના માત્ર જળસંગ્રહનું સાધન જ નહોતી, પરંતુ પ્રાચીન ભારતીય ઇજનેરી અને કળાનો ઉત્તમ નમૂનો છે.